# ઉનામાં પાંચ ઈંચ વરસાદ : હાલત કફોડી

## સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો : મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની ચેતવણી

અમદાવાદ, તા.૭

ગુજરાતના માથેથી મહા વાવાઝોડાનું સંકટ તો ટળી ગયુ છે પરંતુ તેની અસરના ભાગરૂપે આજે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ અસર સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જોવા મળી હતી. ઉના અને દીવમાં તો દરિયો ગાંડોતૂર બન્યો હતો અને અહી ભારે ગાજવીજ અને વીજળીના કડાકા ને ભડાકા સાથે પાંચ ઈંચથી વધુ ધોધમાર વરસાદ નોંધાયો હતો. જેના કારણે અહીંના પંથકોમાં ભારે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઇ હતી. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં સુરત, કામરેજ, ઓલપાડ, ઉમરપાડા, નવસારી, વલસાડ સહિતના અનેક વિસ્તાર તેમ જ મધ્ય ગુજરાતમાં વડોદરા, ડભોઈ, વાઘોડિયા, ભરૂચ, અંકલેશ્વર, નડિયાદ, ખેડા, આણંદ, આંકલાવ, બોરસદ, અમદાવાદ, સાણંદ, બાવળા સહિતના અનેક પંથકોમાં મેઘરાજાએ વરસાદ વરસાવ્યો હતો. કચ્છ પંથકમાં પણ આજે મેઘરાજાની મહેર જોવા મળી હતી. જો કે, આ મહેર ખેડૂતો માટે તો, કહેર સમાન જ સાબિત થઈ હતી. કારણ કે, ખેડૂતોના પાકની નુકસાની અને પાકના ધોવાણમાં ઉમેરો થતાં તેમની ચિંતા અને મુશ્કેલીમાં વધારો થયો હતો. મહા વાવાઝોડાની અસર દીવ અને સૌરાષ્ટ્રના દરિયામાં જોવા મળી હતી. મહા વાવાઝોડાને લઈને ગીર સોમનાથ જિલ્લામાં અને દીવમાં વહેલી સવારથી જ કાળા ડીબાંગ વાદળો સાથે ધોધમાર વરસાદ વરસ્યો આજે વરસાદી માહોલ જોવા મળ્યો પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો.



હતો. ગીરગઢડા તાલુકામાં ગાજવીજ સાથે બે ઈંચ વરસાદ નોંધાયો હતો. ગીરજંગલમાં પણ હતો. તો, ઉના તાલુકાના મોટાભાગના ગામડાઓમાં મોડી રાતથી કડાકા ભડાકા સાથે ચારથી ભારે વરસાદથી ખેડૂતો અને માછીમારોને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. મહા વાવાઝોડાની અસર દીવ અને ઉનાના દરિયાકાંઠે વધારે જોવા મળી હતી. ઉના અને દીવનો દરિયો તોફાની અને ગાંડોતૂર બન્યો હોય એમ એકદમ ઉંચા મોજા ઉછળતાં જોવા મળ્યા હતા તો, દરિયામાં વીજકરંટ પણ જોવા મળ્યો હતો. દીવમાં ધોધમાર વરસાદ યથાવત છે. મોડી રાતથી વણાકબારા, નાગવા, ઘોઘલા, મલાલા અને દીવ શહેર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. ગીરસોમનાથના કોટડા અને દીવના વણાકબારાને જોડતી દરિયાઈ ખાડીમાં ચાલતી ફેરી બોટ બંધ કરાવવામાં આવી હતી. ભાવનગરના મહુવા, બોટાદ, ભાદર સહિતના પંથકો, તો વેરાવળના ભેટાળી, રામપરા, કોડીદ્રા, કુકરાસ અને આજુબાજુના ગામોમાં, ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે જાફરાબાદ તાલુકાના ટીંબી, હેમાળ, દુધાળા, છેલાણા, રાજકોટ, ગોંડલ, જસદણ, અમરેલી, ખાંભા, બારમણ, નિંગાળા સહિતના અનેક પંથકોમાં આજે ધોધમાર વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં આજે એકથી પાંચ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. જેના કારણે અનેક પંથકોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા તો, ખેતરોમાં પાણી ભરાઈ જતાં જગતના તાતની મુશ્કેલીમાં વધારો થયો હતો. મહા વાવાઝોડાનો ખતરો તો ટળી ગયો છે પરંતુ તેની અસર હજુ દેખાઈ રહી છે. ગઈકાલે બુધવારે મોડી રાત્રે વરસાદ શરૂ થયા બાદ આજે પણ વરસાદ જારી રહ્યો હતો. આજે સવારમાં અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ રહ્યો હતો. કમૌસમી વરસાદના કારણે ખેડુતોની હાલત કફોડી બનેલી છે. વાવાઝોડાની અસર વચ્ચે સવારમાં દીવમાં ભારે વરસાદ થયો હતો. સોમનાથ જિલ્લામાં અને દીવમાં સવારથી જ વાદળો રહ્યા હતા અને ત્યારબાદ ભારે વરસાદથી શરૂઆત થઈ ગઈ હતી. ગીરગઢડામાં બે ઈંચ કરતા વધારે વરસાદ થયો હોવાના હેવા મળ્યા છે.ખેડુતોના પાકને પણ ભારે નુકસાન થયુ છે. દરમ્યાન હવામાન વિભાગ દ્વારા આવતીકાલે પણ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના અનેક પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે.

# અંબાજીથી કળશ શોભાયાત્રા સાથે ૧૦૮ કુંડી મહાયજ્ઞ શરૂ

સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ખાતેથી આજથી ભવ્ય કળશ શોભાયાત્રા સાથે ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનો વિધિવત્ પ્રારંભ થયો હતો. માતાજીની આ વિશાળ કળશ શોભાયાત્રામાં હજારો શ્રધ્ધાળુ ભકતો પણ જોડાયા હતા. વિશ્વ શાંતિના ઉમદા હેતુસર આજે ૭મી નવેમ્બરથી ૧૭ નવેમ્બર,૨૦૧૯ દરમ્યાન રાજયમાં સૌપ્રથમવાર અંબાજીના ખેડબ્રહ્મા રોડ પર જૂની કોલેજ કમ્પાઉન્ડ સંસ્કૃત પાઠશાળા ગ્રાઉન્ડ ખાતે ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી અંબાજી માતાજીની પ્રેરણાથી શ્રી ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટ, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદના સંકલ્પથી તેમ જ શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી, દાંતા સ્ટેટના યુવરાજ રિધ્ધિરાજસિંહજી, શ્રી અંબાજી મંદિરના પૂજારી શ્રી કશ્યપભાઈ ઠાકર અને શ્રી પાયલોટ બાબા સેવા સમિતિના સહકારથી હિમાલયની સિધ્ધ પરંપરાના વિશ્વ વિખ્યાત સંત મહાયોગી મહામંડલેશ્વર અને નાસિક પીઠના પીઠાધિશ્વર શ્રી પાયલોટ બાબાના સાનિધ્યમાં આજથી ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનો પ્રારંભ થયો હતો. આ ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞના ભવ્ય ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવા ભારતભરમાંથી હજારો સાધુ-સંતો, મહામંડલેશ્વરો, મહાત્માઓ, વિદેશી મહેમાનો અને રાજકીય મહાનુભાવો આવી પહોંચ્યા હતા. આ પવિત્ર મહાયજ્ઞની શરૂઆત શ્રી અંબાજી મંદિરેથી કળશ શોભાયાત્રા દ્વારા કરવામાં આવતાં ભકિતનો માહોલ છવાયો હતો. ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ બ્રહ્મભટ્ટ અને પાયલોટ બાબા સેવા સમિતિના કન્વીનર જગદીશભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આજે તા.૭મી નવેમ્બરે સવારે ૭-૦૦ વાગ્યે વિશાળ કળશ-શોભાયાત્રા સુપ્રસિધ્ધ શ્રી અંબાજી મંદિરથી પ્રસ્થાન કરી ૯-૦૦ કલાકે યજ્ઞશાળા પહોંચી હતી અને ત્યાં કળશ સ્થાપના કરી પધારેલા સંતોનું સામૈયુ-સન્માન કરી મહાયજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી.

હવે આવતીકાલથી તા.૮મી નવેમ્બરથી તા.૧૭મી નવેમ્બર સુધી દરરોજ અનુક્રમે મહાદેવી શ્રી મહાકાળી દેવી, શ્રી તારાદેવી, શ્રી ષોડશોદેવી, શ્રી ભુવનેશ્વરી દેવી, શ્રી ભૈરવી દેવી, શ્રી છિન્નમસ્તકા દેવી, શ્રી ધુમાવતી દેવી, શ્રી બગલામુખી દેવી, શ્રી માતંગીદેવી અને શ્રી કમલા દેવી એમ એક-એક મહાદેવીનો યજ્ઞ થશે. મહાયજ્ઞની સાથે સાથે રાત્રે આઠ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન હશે. મહાયજ્ઞના અંતિમ દિવસે ૧૭મી નવેમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યે યજ્ઞની પૂર્ણાહુતિ થશે. બપોરે ૨ વાગ્યે મહાપ્રસાદ ભંડારો અને સાંજે ૪ વાગ્યે મહાન સાધુ-સંતો, મહંતોના આશીર્વચનથી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવશે. ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ બ્રહ્મભટ્ટ અને પાયલોટ બાબા સેવા સમિતિના કન્વીનર જગદીશભાઈ બ્રહ્મભટ્ટે ઉમેર્યું હતું કે, આજે કળિયુગમાં સંપૂર્ણ માનવજાત આધિ-વ્યાધિ અનએ ઉપાધિઓથી દુ:ખી અને ત્રસ્ત છે ત્યારે સમગ્ર વિશ્વ અને માનવજાતિ પર કુદરતી આપતિઓથી થવાવાળા વિનાશને રોકવા અને બચાવવાના હેતુથી માનવજાતને આધિ-વ્યાધિ અને ઉપાધિના દુ:ખમાંથી શાંતિ મળે અને મનુષ્યોને પોતાના સુભ સંકલ્પો સિધ્ધ કરવા તેમને સુખ, શાંતિ તેમ જ સમૃધ્ધિ પ્રાપ્ત થઈ શકે તેવા વિશ્વ શાંતિના ઉમદા આશય સાથે આ ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

## વાવાઝોડાની અસર આગામી ૨૪ કલાક રહી શકે

# મહાની ઘાત ટળી : વાવાઝોડુ ડિપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયુ

### મહાનો ખતરો ટળતાં સરકાર, તંત્ર અને સૌરાષ્ટ્રવાસીઓ સહિત પ્રજાજનોએ પણ અનુભવેલી રાહત : વરસાદ ઘટશે

અમદાવાદ, તા. ૭

ભારતીય હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે ગુજરાત પરથી મહા વાવાઝોડાનું સંકટ ટળી ગયું છે. મહા વાવાઝોડું બપોર ૧૨ વાગ્યા પછી અરબી સમુદ્રમાં ડિપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું હતુ અને ગુજરાતના માથેથી મહાની ઘાત ટળી ગઈ હતી. જો કે, હજુ આગામી ૨૪ કલાક સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. સાવચેતીના પગલારૂપે તંત્ર દ્વારા હજુ પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં એનડીઆરએફની પાંચ ટીમ તૈનાત કરવામાં આવી છે. અત્યાર સુધી ૧૫૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ગત રાતથી ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. બીજીબાજુ, મહાનો ખતરો ટળતાં રાજય સરકાર, તંત્ર અને સૌરાષ્ટ્રવાસીઓની સાથે સાથે રાજયના પ્રજાજનોએ મોટી રાહત અને હાશકારો અનુભવ્યો હતો. હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું હતું કે, આજે બપોરે ૧૨ વાગ્યા બાદ મહા વાવાઝોડું અરબી સમુદ્રમાં ડિપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ ગયુ હતુ, જેના કારણે વાવાઝોડુ ત્રાટકવાની શકયતા મટી ગઈ હતી. તા.૧૦ નવેમ્બરથી હવામાન સામાન્ય બની જશે. દીવ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ પડી શકે છે. બુલબુલ વાવાઝોડાનું ગુજરાતમાં કોઈ ખાસ અસર નહીં થાય. દીવના કલેક્ટરે જણાવ્યું હતું કે, હાલ ગુજરાત પરથી મહા વાવાઝોડાનું સંકટ ટળી ગયું છે. પરંતુ બપોર બાદ ગીર સોમનાથના દરિયા કિનારે ભારે પવન સાથે વરસાદની શક્યતા છે. હાલ વેરાવળના સમુદ્રમાં ભયાનક મોજાં ઉછળી રહ્યા છે જેને લઈને માછીમારોમાં ચિંતાનો વધારો થયો છે. કારણ કે વેરાવળ બંદર પર લંગારાયેલી બોટો ક્ષમતા કરતા વધારે હોય તો, ભારે પવન સાથે વરસાદ આવશે તો માછીમારોને નુકસાન થવાની શક્યતા છે. મહા વાવાઝોડું હવે ડિપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ ગયું છે. જે ૧૨ કલાક પછી ડિપ્રેશનમાં ફેરવાઈ જશે. સૌરાષ્ટ્ર, કચ્છ, સુરત, ભરૂચ, અમરેલી, ભાવનગર અને અમદાવાદમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલથી વરસાદમાં ઘટાડો થવાની સંભાવના છે. બીજીબાજુ, મહાનો ખતરો ટળતાં રાજય સરકાર, તંત્ર અને સૌરાષ્ટ્રવાસીઓની સાથે સાથે રાજયના પ્રજાજનોએ મોટી રાહત અને હાશકારો અનુભવ્યો હતો. સાવચેતીના પગલારૂપે તંત્ર દ્વારા હજુ પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં એનડીઆરએફની પાંચ ટીમ તૈનાત કરવામાં આવી છે.

## જીમખાનાના વિદ્યાર્થીઓ નેશનલ માસ્ટર એકવેટીક ચેમ્પિયનશીપમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૭

૯થી ૧૦ નવેમ્બર દરમિયાન સિકંદરાબાદ ખાતે યોજાનાર ૬ઠ્ઠી નેશનલ માસ્ટર એકવેટીક ચેમ્પીયનશીપમાં સચિવાલય જીમખાનાના કુલ આઠ વિદ્યાર્થીઓ ભાગ લેશે. જીમખાના સ્વિમીંગપુલના કોચ કે.જી. ભગત અને મહિલા કોચ મનિષા ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ સિકંદર રસુલ મુજાવર, રમણલાલ પટેલ, શરદ વ્યાસ, અનિતા કનોજીયા, સ્નેહા પોપટ ચક્રવર્તી, ખાન સમીર સિકંદર, મુજાવર શહેનાજ અને રાજકુંવરબા ડોડીયાને જીમખાનાના મેનેજર જીતુભાઈ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# એચકે સેન્ટર ખાતે ૨૫મીથી સ્પર્ધાત્મક પરીક્ષાની બેચ શરૂ થશે

### યુનિવર્સિટીના ટોચના નિષ્ણાત અધ્યાપક અને અન્ય વિષય નિષ્ણાત દ્વારા પરીક્ષાલક્ષી તમામ ખાસ માર્ગદર્શન અપાશે

ગુજરાત યુનિવર્સિટીના એચ.કે.સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનીંગ ખાતે નોકરીઓમાં ભરતી માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના માર્ગદર્શક વર્ગોની ત્રીજી બેંચનો તા.૨૫મી નવેમ્બરથી પ્રારંભ થશે, જેથી વિદ્યાર્થીઆલમે તેની નોંધ લઈ સત્વરે અરજી કરી દેવાની રહેશે. આ માર્ગદર્શનક વર્ગોની ત્રીજી બેચમાં વહેલા તે પહેલાંના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક વર્ગો સોમવારથી શુક્રવાર સુધી(રજાના દિવસો સિવાય) બપોરે ૩-૩૦થી ૫-૩૦ દરમ્યાન ચાલશે. આ વર્ગોના લાભ લેવા માંગતા વિદ્યાર્થીઓએ રૂ.ત્રણ હજારની ફી ભરી પોતાનું નામ સત્વરે નોંધાવી દેવાનું રહેશે. આ માર્ગદર્શક વર્ગો બે માસ સુધી ચલાવવામાં આવશે. આ વર્ગોમાં સામાન્ય જ્ઞાન, અંગ્રેજી અને ગાણિતિક વિષયોનું ગુજરાત યુનિવર્સિટીના નિષ્ણાત અધ્યાપકો અને અન્ય વિષય નિષ્ણાતો દ્વારા પરીક્ષાલક્ષી વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે. આ વર્ગોમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. એચ.કે.સેન્ટરના કાર્યાલયમાંથી સવારે ૧૧-૦૦થી સાંજે ૫-૩૦ દરમ્યાન ફોર્મ મેળવી ભરી દેવાના રહેશે. તા.૨૫ નવેમ્બરથી પ્રાંરભ થતી ત્રીજી બેચમાં પ્રવેશ માટેની અંતિમ તારીખ તા.૨૩ નવેમ્બર રહેશે. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને એચ.કે.સેન્ટરના ડાયરેકટર ડો.જગદીશ ભાવસારે ગુજરાત યુનિવર્સિટી તરફથી યુવાનોને સહાયરૂપ થવા પ્રારંભ થનારા વર્ગોમાં જોડાવા અને નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવવા યુવાનોને અનુરોધ કર્યો હતો.

# HDFC હવે MSME માટે સૌથી મોટી બેંક બની

અમદાવાદ,તા. ૭

ગુજરાતમાં બુક થયેલી એચડીએફસી બેંકની એમએસએમઈ લોન રૂ. ૧૫,૦૦૦ કરોડના સીમાચિહ્નને વટાવી ગઈ છે. ગુજરાતમાં તા.૩૦ જૂન, ૨૦૧૯ સુધીમાં બુક થયેલી બેંકની માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઉદ્યમો માટેની લોન રૂ. ૧૫,૦૦૦ કરોડથી પણ વધુ થવા જાય છે. જેના કારણે હવે એચડીએફસી બેંક ૧૨ ટકાથી પણ વધુ માર્કેટ શેરની સાથે ગુજરાતની એમએસએમઈ માટેની સૌથી મોટી બેંક બની ગઈ છે. એચડીએફસી બેંકની આ અનોખી સિધ્ધિને પગલે બેંકીંગ ક્ષેત્રમાં પણ ભારે ચર્ચા ચાલી રહી છે. બેંકના એમએસએમઈ પોર્ટફોલીયોમાં ૩૦ ટકા દરે ગ્રોથ નોંધાયો છે એમ અત્રે એચડીએફસી બેંકના બિઝનેસ બેંકીંગના કન્ટ્રી હેડ શ્રી સુમંત રામપાલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લાં ૧૫ વર્ષમાં બેંકએ આવા ૧૦,૦૦૦થી પણ વધુ ઉદ્યમોને આર્થિક સહાય પૂરી પાડી છે, જેણે ૩૧ જિલ્લાઓને આવરી લઈ ૧૫૦થી વધુ શહેર અને નગરમાં આર્થિક વિકાસના એન્જિનની રચના કરી છે. એમએસએમઈ બિઝનેસમાં ડિજિટલ




ટ્રાન્ઝેકશન્સમાં કુલ ટ્રાન્ઝેકશનના ૯૦ ટકાથી વધુનો સમાવેશ થાય છે. એચડીએફસી બેંકના બિઝનેસ બેંકીંગના કન્ટ્રી હેડ શ્રી સુમંત રામપાલે ઉમેર્યુ હતું કે, અમારી બેંકમાં ભરોસો દાખવવા બદલ અમે અમારા ગ્રાહકોના આભારી છીએ. એમએસએમઈએ અર્થતંત્રની કરોડરજ્જુ છે અને સૌથી વધુ રોજગારી સર્જનારા ક્ષેત્રો પૈકીનું એક છે. અમે અમારા વિશ્વસ્તરીય ઉત્પાદનોની સાથે તેમની વિકાસયાત્રમાં સહભાગી બનવા બદલ ગર્વની લાગણી અનુભવી રહ્યાં છીએ. અનુકૂળ આવે તેવા નીતિગત માહોલનો લાભ આપનારું ઉદ્યમી રાજ્ય ગુજરાત એમએસએમઈ અને બેંક એમ બંનેને સમાન તકો પૂરી પાડે છે. આ જરૂરિયાતોને પૂર્ણ કરવા અમે આ રાજ્યના વધુ ૨૫ શહેર અને નગરમાં વિસ્તરીશું અને અમારા ડિજિટલ પદચિહ્નોને પણ વધારીશું. આ ઉત્પાદનો તેમજ સેવાઓમાંથી મોટાભાગનાને બેંકના રીયલ-ટાઈમ ઓનલાઈન સોલ્યુશન્સ (ટ્રેડ ઓન નેટ, નેટ બેંકિંગ અને એસએમઈ બેંક)નો ઉપયોગ કરી ડિજિટલ રીતે પ્રાપ્ત કરી શકાય છે. એચડીએફસી બેંક તેના ગ્રાહકોને કેશ ક્રેડિટ, ઓવર ડ્રાફ્ટ, આકર્ષક વ્યાજદરે લોન સહિતની અનેકવિધ સેવાઓ આપી રહી છે, તેના કારણે ગ્રાહકોમાં બેંક પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે તે જ કારણ છે કે, એમએસએમઈ પોર્ટફોલિયોમાં બેંકે આ સિધ્ધિ હાંસલ કરી છે. આજની મહત્વની જાહેરાત પ્રસંગે બેંકના ગુજરાતના બ્રાંચ બેંકીંગ હેડ શ્રી દેબાશિષ સેનાપતિ પણ ખાસ હાજર રહ્યા હતા.

# LearnEd: બિઝનેસ કોમ્યુનિકેશનના પડકારોના ઉકેલ માટે કટિંગ-એજ લર્નિંગ!

વિશ્વ જે ભાષામાં સમજે તે ભાષામાં વાત કરો તો જ સફળતા મળે.... આ એક સર્વસ્વીકૃત હકીકત છે. જો તમે તમારા ગ્રાહકો અથવાનવા વ્યવસાયિક સહયોગીઓ સાથે સારી રીતે વાતચીત કરવામાંઅસમર્થ છો તો તમે બિઝનેસ ગુમાવી શકો છોપ ખાસ કરીને અંગ્રેજીમાં વાત કે કમ્યુનીકેશન કરવામાં મૂશ્કેલી અનુભવતા તમામને આ વાત લાગુ પડે છે... વિશ્વભરમાં ગુજરાતીઓએ કાઠુ કાઢ્યુ છે... ઉચ્ચકોટીના ઉદ્યોગપતિઓ છે, પરંતુ જ્યારે તેઓ બિઝનેસ કોમ્યુનિકેશનમાં અંગ્રેજીમાં વાતચીત કરે ત્યારે તેઓ પાછા પડે છે તેવા હજારો દાખલાઓ છે ત્યારે યુ. એસ બેઝ કંપની આવી મૂશ્કેલી અનુભવતા ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ્સ માટે વન સ્ટોપ સોલ્યુશન લાવી છે. લોસ એન્જલ્સમાં આવેલી LearnEd મુંબઈ અને અમદાવાદમાં ઓફિસ ધરાવે છે. આ કંપનીના ફાઉન્ડર તરાના પટેલ કહે છે કે, વિશ્વ આખામાં પોતાની પ્રતિભા ઉપસાવનાર ગુજરાતીઓ જો માત્ર અંગ્રેજીના પ્રભુત્વના અભાવે પાછા પડે તે બાબત અકળાવનારી છે. આજે સંખ્યાબંધ કંપનીઓ-કોર્પોરેટ ઓફીસમાં ગુજરાતીઓ ઉંચા-મહત્વના હોદ્દા પર સ્થાન ધરાવે છે ત્યારે અંગ્રેજીમાં પ્રભાવશાળી કોમ્યુનિકેશન સમયની માંગ છે...અને અમે પણ એક ગુજરાતી તરીકે આ બીડુ ઉઠાવ્યું છે. અમે એક ચોક્કસ મિશન હેઠળ પ્રભાવી કોમ્યુનિકેશન, ભાષાશાસ્ત્ર અને સુનિશ્ચિત ડિઝાઈન નિષ્ણાંતોની ટીમ સાથે આગળ વધ્યા છીએ. અમારી ટીમનું માનવું છે કે અમે અમારા પ્રયાસોથીકોર્પોરેટ વર્લ્ડમાં પરિવર્તન લાવી શકીએ છીએ. અંગ્રેજીનો ભાષાકીય અવરોધ દૂર કરવા અમે કટિબધ્ધ છીએ. અંગ્રેજી બોલવાની કુશળતાતમારા આત્મવિશ્વાસને પ્રત્યક્ષ અસર કરે છેપ'' એમ તેઓ ઉમેરે છે. LearnEdએ તેનો ઈ-લર્નિંગ પ્રોગ્રામ ''વર્કપ્લેસ કોમ્યુનિકેશનઈનિશિયલ્સ''ની શરૂઆત કરી છે. બિઝનેશમાં સફળતા માટે ૨૦% ટેકનિકલ નોલેજ અને ૮૦% ટકા કોમ્યુનિકેશન જરૂરી છે. આ તેમનામાટે છે જેઓ સફળતાપૂર્વક પોતાનો બિઝનેસ ચલાવવા માંગે છે. અમેરિકા સ્થિત ઈ-લર્નિંગ કંપની, LearnEdએ અમારા બિઝનેસકોમ્યુનિકેશન પ્રોગ્રામ વર્ક પ્લેસ કોમ્યુનિકેશન એસેન્શિયલ્સની ઓનલાઈન સર્વિસ પુરી પાડવાની જાહેરાત કરી છે. ભારતમાં સૌ પ્રથમ વખત આ પ્રકારની સેવા શરુ થઈ છે. આ કટીંગ એજ બિઝનેસકોમ્યુનિકેશન પ્રોગ્રામ કોર્પોરેટ વર્લ્ડ માટે ચોક્કસ કોમ્યુનિકેશનચેલેન્જિસને પહોંચી વળવાની સાથે સાથે કાર્યક્ષમતા-કાર્યશૈલી અનેગ્રોથને પરિણામલક્ષી બનાવવા અમલી કરાયો છે.

## ખેતીને નુકસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણવત્તા પર અસર જોવા મળી રહી છે. કઠોળના પાકને પણ ક્યાંક ક્યાંક નુકશાન થયાનું જણાયુ છે. પાક-વીમો લીધેલા ખેડૂતોને થયેલા નુકશાન અંગે વીમા કંપનીઓ દ્વારા પણ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પણ આ સપ્તાહના અંત સુધીમાં પૂર્ણ થશે તેમ તંત્રના સૂત્રોનું માનવુ છે. જિલ્લામાં કૃષિક્ષેત્રે કમોસમી વરસાદને પગલે મોટુ નુકશાન થયુ છે. આ વખતે વરસાદની પેટર્નમાં પણ બદલાવ જોવા મળ્યો છે એટલુ જ નહિ જિલ્લામાં જે રીતે પાછોતરો વરસાદ થયો તેનાથી પણ પાકને નુકશાન થવા પામ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૪ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જેમાં દહેગામમાં ૧૨૫ ટકા, કલોલમાં ૧૨૭ ટકા, માણસામાં ૧૦૪ ટકા ગાંધીનગર તાલુકામાં ૯૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે જે નોંધનીય છે. જિલ્લામાં આ વખતે વધુ વરસાદને કારણે પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ પણ ખેતીને નુકશાન કરી ગઈ છે.

## આયુષ્ય ભોગવીશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નર્મદાના નીરમાં ઊભા રહી આકરી તપશ્ચર્યા કરી હતી. આ પછી તેમણે વર્ષ ૧૯૬૫માં ભારત-ચીન યુદ્ધ સમયે જ હિમાલયમાં તપશ્ચર્યા કરી અને બાદમાં મહાબળેશ્વર સહિત વિવિધ સ્થળે તપશ્ચર્યા કરી હતી. તપશ્ચર્યા દરમ્યાન તેઓ વાઘચર્મ અને ત્રિશુળ ધારણ કરતા હતા. એવું માનવામાં આવે છે કે કોઈપણ સિદ્ધ યોગીને છેલ્લે ગીરનાર પર તપશ્ચર્યા કર્યા બાદ તેની ટોચ પરથી નીચે પડવાની સિદ્ધિ મેળવવી જરૂરી હોય છે પછી જ તે સિદ્ધ યોગી કહેવાય છે. પ્રહલાદભાઈ જાની જ્યારે ગીરનારની ટોચ પરથી નીચે તરફ પડી રહ્યાં હતા ત્યારે તેમને માતાજીની ચુંદડી અને આભૂષણ પ્રાપ્ત થયાં હતા ત્યારથી તેઓ ''ચુંદડીવાળા માતાજી'' તરીકે જાણીતા થયાં હતા. આ પછી તેમણે ગબ્બર પર્વત પર ગોખની સામે જંગલની એક ગુફામાં પોતાનું કાયમી સ્થાનક કર્યુ હતુ પરંતુ અહીં વર્ષો સુધી તેઓએ ગુમનામ જીવન વ્યતિત કર્યુ પરંતુ ધીરે ધીરે તેમની ખ્યાતિ ચોતરફ પ્રસરતી ગઈ અને આજે ફિલ્મસ્ટાર્સ, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓથી માંડીને અનેક જન સમુદાય તેમના ભક્ત બની ચુક્યા છે. આજે પણ તેઓ કોઈજ પ્રકારનું અન્ન કે પાણી લેતા નથી કે ક્યારેય કુદરતી હાજતે જવાની તેમને જરૂર પડતી નથી તે વિજ્ઞાન માટે પડકાર રૂપ છે અને આ માટે અનેકવાર તેમના પરિક્ષણ થઈ ચુક્યા છે. આજે પૂ. ચુંદડીવાળા માતાજીએ ફરી વિજ્ઞાનને પડકાર ફેંક્યો છે કે તેઓ ૩૦૧ વર્ષ સુધી જીવવાના છે.

## બોજા સાથે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરે ત્યારે બીજા જિલ્લાની વિગતો મેળવવામાં સમય જતાં અરજદારની અરજી પર નિર્ણય લેવામાં વિલંબ થાય છે. આ કાર્યપધ્ધતિમાં સુધારો કરાતાં હવેથી, ઓનલાઈન અરજી કરતી વેળાએ અરજદારે જુદા-જુદા સમયે ધારણ કરેલ જમીનની વિગતો દાખલ કરવાની રહેશે. સમગ્ર રાજ્યના હક્કપત્રકોનો ડેટા વેબ પોર્ટલ પર ઓનલાઈન ઉપલબ્ધ થવાથી હવેથી અરજદારે દાખલ કરેલ વિગતોની મહેસુલી અધિકારીઓ વેબ પોર્ટલ પર ઓનલાઈન ચકાસણી કરશે. જેથી, ખેડૂતની ખાતેદાર ખરાઈ કરવામાં ઝડપ આવશે અને બિન જરૂરી વિલંબ ટાળી શકાશે. બીનખેતીની કાર્યપધ્ધતિમાં બોજા સાથે બિનખેતી પરવાનગી આપવા લેવામાં પણ સુધારો કરાયો છે. હાલમાં જમીનની વિવિધ પરવાનગી, હેતુફેર, સત્તા પ્રકાર ફેરની અરજીઓ જેવી કે ગણોતધારા/નવી શરતની જમીનમાં ખેતી/બિનખેતી હેતુ માટે પ્રિમિયમ ભરવાની પરવાનગી, બિનખેતી પરવાનગીની અરજીઓનો નિર્ણય કરતી વખતે જો જમીન પર મંડળી/બેંકનો બોજો બાકી હોય તો આવી પરવાનગીઓ આપવામાં આવતી નથી. પરવાનગીઓથી મિલકતનું હસ્તાંતરણ થતું ન હોઈ અને માત્ર ઉપયોગનો હેતુ/સત્તા પ્રકાર જ બદલાતો હોઈ, અને અન્ય કોઈ નિયમોનો હુકમોનો ભંગ ન થતો હોય, જમીન પર સરકારી લ્હેણાં અંગે કે બાકી મહેસૂલ અંગે બોજો નોંધાયેલ ન હોય, માત્ર જમીન પર મંડળી/બેંકનો બોજો બાકી હોય તેવા કિસ્સામાં બોજા સાથે બિનખેતીની પરવાનગી આપવા બાબતે અરજદારોના હિતમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## આત્મહત્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થશે નહીં ત્યાં સુધી જામીન અરજી માટેના આધારને જારી કરવામાં આવશે નહીં. બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ દ્વારા કોર્ટમાં પ્રત્યાર્પણ કાર્યવાહીમાં ભારત સરકારને પ્રતિનિધિત્વ કરવામાં આવી રહ્યું છે. નિરવ મોદી છેલ્લા ઘણા સમયથી જામીન માટે અરજી કરી રહ્યો છે. પોતાની છેલ્લી અરજીમાં નિરવ મોદીએ ડિપ્રેશનની સ્થિતિમાં હોવાનો પણ દાવો કર્યો છે. અગાઉની તેની જામીન અરજીઓને ફગાવી દેવામાં આવી હતી.

## રાજકીય વળાંક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મારી કોઈ સીધી વાત નથી થઈ. અમારી પાસે તમામ વિકલ્પ છે, પરંતુ અમે નથી ઈચ્છતા કે તેના પર અમે વિચાર કરીએ. શિવસેના ધારસભ્યોએ એક અવાજમાં કહ્યું છે કે ઉદ્ધવ જે નિર્ણય લેશે, તમામ તેમની સાથે છે. મીટિંગ બાદ શિવસેના ધારાસભ્યોને શારદા હોટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યાં ધારાસભ્યોને તેમના ફોન સ્વિચ ઓફ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા. પાર્ટીને ડર છે કે તેમના ધારાસભ્યોને ખરીદી લેવામાં આવી શકે છે. પાર્ટી આ આશંકા પોતાના મુખપત્ર સામનામાં પણ ઉઠાવી ચુકી છે. શિવસેના ૫૦-૫૦ ટકાના ધોરણે સત્તાની વહેંચણી ઈચ્છે છે. એટલે કે અઢી વર્ષ માટે ભાજપના મુખ્ય પ્રધાન સરકાર ચલાવે અને અઢી વર્ષ શિવસેનાનો મુખ્ય પ્રધાન. શિવસેનાનાં પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનું કહેવું છે કે ૫૦-૫૦ની ફોર્મ્યુલા અંગે તેમની અને ભાજપ પ્રમુખ અમિત શાહ વચ્ચે લોકસભાની ગત્ ચૂંટણી પૂર્વે સમજૂતી થઈ હતી. પરંતુ હવે ભાજપ એ ફોર્મ્યુલા સ્વીકારવા તૈયાર નથી. ભાજપને ૧૦૫ બેઠક મળી છે, શિવસેનાને ૫૬, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને ૫૪ અને કોંગ્રેસ પાર્ટીને ૪૪ સીટ મળી છે. અન્ય પક્ષોના ઉમેદવારો તથા અપક્ષ વિધાનસભ્યોએ ૨૮ સીટ કબજે કરી છે.

## હિમવર્ષા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે વરસાદ જારી રહેતા લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થયો હતો. ગયા વર્ષે થોડાક દિવસમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા વધારે ડિગ્રી રહેતા લોકોને રાહત રહી હતી. જમ્મુ કાશ્મીરની સાથે સાથે હિમાચલ પ્રદેશમાં કુલ્લુ અને શિરમોર જિલ્લામાં પણ હિમવર્ષા થઈ છે. કુલ્લુમાં સોલંગ વિસ્તારમાં ભારે હિમવર્ષા સિઝનની પ્રથમ વખત થઈ છે. ભારે હિમવર્ષાથી ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. દરમિયાન જમ્મુ કાશ્મીરમાં છેલ્લા બે દિવસથી હિમવર્ષાના લીધે જનજીવન ખોરવાઈ ગયું છે.